# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-07-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM – ઇન્ડોનેશિયા – ઓસ્ટ્રેલિયા, ન્યૂઝિલેન્ડની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઇન્ડોનેશિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની છ દિવસની મુલાકાતે જશે. શ્રી મોદી ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોના આમંત્રણ પર જકાર્તાની મુલાકાત લેશે. તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદી શ્રી પ્રબોવો સુબિયાન્ટો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. પ્રધાનમંત્રી જકાર્તામાં ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

વિદેશ સચિવ રુદ્રેન્દ્ર ટંડને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની ઇન્ડોનેશિયાની મુલાકાતમાં રાજદ્વારી બેઠકો તેમજ સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાત પહેલા, પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે ભારતને એક મહત્વપૂર્ણ આર્થિક ભાગીદાર ગણાવ્યું. શ્રી અલ્બેનીઝે કહ્યું કે અમારા સંબંધો વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી પર આધારિત છે.

**-----------------------------------------------------------------------------------------**

## CM – શાંતિનિવાસ છાત્રાલય લોકાર્પણ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, શિક્ષણના માધ્યમથી નવી પેઢી સક્ષમ બનીને બહાર નીકળશે. ત્યારે સમાજનું ચિત્ર બદલાશે. ગાંધીનગરમાં સામાજિક સંસ્થાઓ દ્વારા

સંચાલિત શાંતિ નિવાસ છાત્રાલયના લોકાર્પણ અને વલ્લભ વિદ્યાવિહાર શાળાના ભૂમિપૂજન સમારોહને સંબોધતા શ્રી પટેલે કહ્યું, વ્યથામાંથી વ્યવસ્થાના સંકલ્પથી વિચરતી—વિમુક્ત જાતિઓને સન્માનજનક સરનામું મળ્યું છે.

છેવાડાના વંચિત માનવીને વિકાસના મુખ્યપ્રવાહમાં લાવીને જ વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનું સપનું સાકાર થશે તેમ, શ્રી પટેલે ઉમેર્યું.

---------------------------------------------------------------------------------

## ગુજરાત વડી અદાલતના મુખ્યન્યાયમૂર્તિ – એડવોકેટ સંકુલનું ભૂમિપૂજન

ગુજરાત વડી અદાલતનાં મુખ્ય ન્યાયામૂર્તિ સુનિતા અગ્રવાલે કહ્યું, રાજ્યમાં જ્યાં પણ નવી અદાલતની ઈમારત બનશે ત્યાં વકીલો માટે અલગ સુવિધાજનક એડવોકેટ બિલ્ડિંગ અનિવાર્યપણે બનાવાશે.

ગાંધીનગરના કલોલમાં 49 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે અત્યાધુનિક ન્યાય અને એડવોકેટ સંકુલનું ભૂમિપૂજન કર્યા બાદ જાહેરસભાને સંબોધતાં સુશ્રી અગ્રવાલે આ વાત કહી. તેમણે ન્યાયિક પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા અને પડતર કેસના ઝડપી નિકાલ માટે વૈકલ્પિક વિવાદ નિવારણ એટલે કે, મિડિએશન પર પણ વિશેષ ભાર આપ્યો હતો.

---------------------------------------------------------------------------------

## ગાંધીધામમાં પીવાના પાણીની કટોકટીને પહોંચીવળવા લેવાયો નિર્ણય

ગાંધીધામ સંકુલમાં પીવાનાં પાણીની ગંભીર કટોકટીને પહોંચી વળવા આપાતકાલમાં શિણાય ડેમથી લાઈન નાખીને આઠ એમએલડી પાણી કિડાણા તથા અંતરજાળ અને આદિપુરને આપવામાં આવશે. પાણીની સમસ્યાને હળવી કરવા

અને લોકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે તાકીદે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત શિણાય ડેમથી દૈનિક આઠ એમએલડી પાણીમાંથી બે એમએલડી કિડાણા તથા બે એમએલડી અંતરજાળ અને ચાર એમએલડી એચએસઆરના ટાંકા મારફતે આદિપુરને આપવામાં આવશે. આદિપુર-કિડાણા અને અંતરજાળની સમસ્યા દૂર કરવા માટે આ પગલું લેવાયું છે .

-----------------------------------------------------------------------------------

## ગુજરાત યુનિ. જી-કાસ પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયા

ગુજરાત યુનિવર્સિટી જિકાસ પોર્ટલ દ્વારા પ્રવેશ પ્રક્રિયાના વધુ 4 રાઉન્ડ યોજશે. વિદ્યાર્થીઓ દરેક રાઉન્ડની ચોઈસ ફિલિંગમાં સુધારા કરી શકશે. પૂરક પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓને પણ તક મળી રહે તે હેતુથી આજથી પ્રવેશનો નવો તબક્કો શરૂ થશે.  આગામી 15મી જુલાઇથી કોલેજોમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ પહેલા આ કામગીરી પૂર્ણ કરાશે.

-----------------------------------------------------------------------------------

## ગાંધીધામ – અદ્યતન બસ પોર્ટ

ગાંધીધામ સંકુલમાં પાયાની સુવિધા વિકસાવવા સહિતની દિશામાં વિકાસનાં કામનો ધમધમાટ  ચાલી રહ્યો છે ત્યારે આ સંકુલના નાગરિકો માટે અદ્યતન  એસ.ટી. બસપોર્ટ નિર્માણનાં કામનો ધમધમાટ ચાલી રહ્યો છે. સંભવત વર્ષ 2027ની શરૂઆતમાં આ  પ્રકલ્પનું કામ પૂર્ણ થાય તેવી આશા સેવાઈ રહી છે. શહેરના ટાગોર રોડ ઉપર એસ.ટી. વિભાગના આધુનિક બસપોર્ટ નિર્માણની ગતિવિધિ ચાલી રહી છે. આ માટે અંદાજિત રૂા. 11.61 કરોડનો ખર્ચ થશે. હાલમાં આ કામના અંદાજિત 30 ટકા  જેટલું કામ થયું હોવાનું જણાવાયું હતું. આ પ્રકલ્પ હેઠળ

બસપોર્ટમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર 11 પ્લેટફોર્મ, મુસાફરો માટે બેઠક વ્યવસ્થા તથા વેઈટિંગ હોલ, કેન્ટીન, 12 સ્ટોલ, શૌચાલય સહિતની સુવિધાઓ વિકસાવાશે.

---------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી છે ત્યારે જિલ્લામાં આગામી 7 દિવસ સુધી ગાજવીજ સાથે હળવા મધ્ય વરસાદની આગાહી વચ્ચે આકાશ વાદળછાયુ રહેવા છતા વાતાવરણીય પરિબળો હજી સાનુકુળ ન હોવાના કારણે હજુ બે-ત્રણ દિવસ નોંધપાત્ર વરસાદ વરસવાની સંભાવના ઓછી દેખાઇ રહી હોવાની સ્થિતિમાં જિલ્લા મથક ભુજ સહિતના અન્ય કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદથી રસ્તા ભીંજાયા હતા. બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમથી રાજ્યની સાથે જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદના સંજોગો સર્જાયા છે. તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. દરમિયાન જિલ્લામાં 35 થી 37 ડિગ્રી મહત્તમ અને 28 થી 29 ડિગ્રી લઘુત્તમ ઉષ્ણાતામાન વચ્ચે બફારો અને ઉકાળાટ અનુભવાઇ રહ્યો છે. કંડલા 37 ડિગ્રી સેલ્શિયસ મહત્તમ ઉષ્ણાતામાન સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ મથક નોંધાયું હતું. જિલ્લાના સરહદી વિસ્તારોમાં પણ ગરમીનું મોજું ફરી વળ્યું છે.

---------------------------------------------------------------------------------

## મેલેરિયા વિરોધી માસ

દર વર્ષે જૂન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે ઊજવાય છે. ચોમાસાની ઋતુ નજીક હોતાં મચ્છરથી થતાં મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગને ફેલાતા અટકાવવા માટે જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા વિવિધ કામગીરી હાથ ધરાઇ છે.

---------------------------------------------------------------------------------